RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 220* Date: 07.06.2022 Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ગુજરાત બોર્ડ ધોરણ ૧૦નું પરિણામ જાહેર

# સુરત જિલ્લાનું સૌથી વધુ પરિણામ ૭૫.૬૪ ટકા, જયારે પાટણનું સૌથી ઓછું ૫૪.૨૯ ટકા પરિણામ

ગાંધીનગર,તા.૬

ગુજરાત બોર્ડ ઓફ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશન દ્વારા આજે સોમવાર, જૂન ૬ ના રોજ ધોરણ ૧૦ નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે.વિદ્યાર્થીઓએ ૧૦મા ધોરણનું પરિણામ સત્તાવાર વેબસાઈટ દ્વારા જોયું હતું

રાજ્ય સરકારે જાહેર કરેલા આંકડા મુજબ ધોરણ ૧૦ નું કુલ પરિણામ ૬૫.૧૮ % આવ્યું છે. જેમાં સૌથી વધુ પરિણામ સુરત જિલ્લાનું આવ્યું છે. જ્યારે સૌથી ઓછું પરિણામ પાટણ જિલ્લાનું આવ્યું છે. આ પરીક્ષામાં કુલ ૭,૮૧,૭૦૨ નિયમિત પરીક્ષાર્થીઓ નોંધાયા હતા , જે પૈકી ૭,૭૨,૭૭૧ પરીક્ષાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા અને ૫,૦૩,૭૨૬ પરીક્ષાર્થીઓ પ્રમાણપત્રને પાત્ર બનતા નિયમિત પરીક્ષાર્થીઓનું પરિણામ ૬૫.૧૮ ટકા જાહેર કરવામાં આવે છે . જ્યારે રિપીટર પરીક્ષાર્થી તરીકે ૧,૪૦,૪૮૫ પરીક્ષાર્થીઓ નોંધાયા હતા . તે પૈકી ૧,૩૩,૫૨૦ પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા . જેમાંથી ૪૧,૦૬૩ પરીક્ષાર્થીઓ સફળ થતાં તેઓનું પરિણામ ૩૦.૭૫ ટકા આવ્યું છે . આ ઉપરાંત ખાનગી પરીક્ષાર્થી તરીકે નોંધાયેલ કુલ ૧૭,૯૪૪ પરીક્ષાર્થીઓ પૈકી ૧૫,૦૦૭ પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા . જેમાંથી ૨,૫૫૭ પરીક્ષાર્થીઓ પ્રમાણપત્રને પાત્ર બનેલ છે . તેઓનું પરિણામ ૧૭.૦૪ ટકા આવેલ છે .

બોર્ડ તરફથી આપવામાં આવેલી માહિતી પ્રમાણે આ વર્ષે કુલ ૭,૭૨,૭૭૧ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા, જેમાંથી ૫,૦૩,૭૨૬ વિદ્યાર્થીઓ પાસ થયા છે. આ વર્ષે કુલ સરેરાશ પરિણામ ૬૫.૧૮% ટકા આવ્યું છે.પરીક્ષામાં ઉપસ્થિત રહેનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૭,૭૨,૭૭૧ હતી જેમાંથી ૫,૦૩,૭૨૬ વિદ્યાર્થીઓ પાસ થયા, સૌથી વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર (રૂપાવટી, રાજકોટ),૯૪.૮૦% જયારે સૌથી ઓછું પરિણામ ધરાવતું કેન્દ્ર (રૂવાબારી મુવાડા, દાહોદ ૧૯.૧૭% છે સૌથી વધુ પરિણામ ધરાવતો જિલ્લો (સુરત),૭૫.૬૪% સૌથી ઓછું પરિણામ ધરાવતો જિલ્લો (પાટણ) ૫૪.૨૯% રહ્યું છે જયારે ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળા ૨૯૪ રહી છે અને ૩૦ ટકા કરતા ઓછું પરિણામ



ધરાવતી શાળા ૧૨૧ છે, કુમારોનું પરિણામ ૫૯.૯૨% જયારે કન્યાઓનું પરિણામ ૭૧.૬૬% રહ્યું છે.૧૨૧ શાળાઓનું પરિણામ શૂન્ય આવ્યું

ધોરણ ૧૦ બોર્ડના ૬૫.૧૮ ટકા પરિણામમાં ગુજરાતી માધ્યમનું ૬૩.૧૩ ટકા, હિન્દી માધ્યમનું ૬૩.૯૬ ટકા અને અંગ્રેજી માધ્યમનું ૮૧.૫૦ ટકા પરિણામ આવ્યું છે. આ સિવાય અમદાવાદ જિલ્લાનું ૬૩.૯૮% પરિણામ આવ્યું છે જયારે ગાંધીનગર જિલ્લાનું ૬૫.૮૩% પરિણામ, જૂનાગઢ જિલ્લાનું ૬૬.૨૫% પરિણામ, વડોદરા જિલ્લાનું ૬૧.૨૧% પરિણામ, રાજકોટ જિલ્લાનું ૭૨.૮૬% પરિણામ અને જામનગર જિલ્લાનું ૬૯.૬૮% પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. તમને જણાવી દઈએ કે, ચાલુ વર્ષે ધોરણ ૧૦ના પરિણામમાં ૧૨,૦૯૦ વિદ્યાર્થીઓને એ-૧ ગ્રેડ, ૫૨,૯૯૨ વિદ્યાર્થીઓને એ -૨ ગ્રેડ, ૯૩,૬૦૨ વિદ્યાર્થીઓને બી-૧ ગ્રેડ, ૧,૩૦,૦૯૭ વિદ્યાર્થીઓને બી-૨ ગ્રેડ, ૧,૩૭, ૬૫૭ વિદ્યાર્થીઓને સી-૧ ગ્રેડ મેળવ્યો છે. જયારે સ્ટાન્ડર્ડ ગણિતનું ૯૨.૬૩ ટકા પરિણામ,બેઝિક ગણિતનું ૬૯.૫૩ ટકા પરિણામ, ગુજરાતી ભાષાનું ૮૨.૧૫ ટકા પરિણામ, અંગ્રેજી પ્રથમ ભાષાનું ૯૪.૭૩ ટકા જયારે બીજી ભાષાનું ૮૦.૩૦ ટકા પરિણામ આવ્યું છે પરિણામ જાહેર થયા બાદ વિદ્યાર્થીઓએ ખુશી વ્યકત કરી હતી અને એક બીજાને મોં મીઠુ કરાવ્યું હતું અને ઢોલ નગારાના તાલે ગરબા લીધી હતી વિદ્યાર્થીઓ શાળાએ પહોંચી ગયા હતાં અને ઉજવણી કરી હતી આ પ્રસંગે રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીએ તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી છે. બોર્ડની વેબસાઈટ પર બંને નેતાઓએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવતા લખ્યું છે કે, ×ધોરણ ૧૦નું પરિણામ જાહેર થવાના અવસરે તમામ વિદ્યાર્થીઓને હૃદયપૂર્વક અભિનંદન અને ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામનાઓ.જણાવી દઈએ કે એસએસસી ધોરણ ૧૦ ની પરીક્ષા ૨૮ માર્ચથી ૯ એપ્રિલ, ૨૦૨૨ દરમિયાન લેવામાં આવી હતી. જેમાં લગભગ ૧૦ લાખ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. એસએસસી પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓની સંખ્યા ગત વર્ષે ૧૪.૦૩ લાખથી ઘટીને ૯.૭૨ લાખ થઈ ગઈ છે. વિદ્યાર્થીઓ રોલ નંબરનો ઉપયોગ કરીને એસએસસી ધોરણ ૧૦મી પરીક્ષાનું સ્કોર કાર્ડ ડાઉનલોડ કરી શકે છે.

ગયા વર્ષે, ગુજરાત બોર્ડ ધોરણ ૧૦ ની પરીક્ષામાં પાસની ટકાવારી ૧૦૦ ટકા હતી કારણ કે કોવિડ-૧૯ રોગચાળાને ધ્યાનમાં રાખીને પરીક્ષા રદ કરવામાં આવી હતી. તાજેતરમાં બોર્ડે ધોરણ ૧૨ ની એચએસસી સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરિણામ જાહેર કર્યું છે જેમાં કુલ ૮૬.૯૧ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા છે.×

## એક નાનકડા દેશ સામે સરકારે ઘૂંટણીયા ટેકવી દીધા, આ ભારતની વિદેશનીતિનું પતન છે : સુબ્રમણ્યમ સ્વામી

નવીદિલ્હી,તા.૬

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને બીજેપી નેતા સુબ્રમણ્યમ સ્વામીએ આ અંગે પોતાની જ પાર્ટીની સરકારને ઘેરી હતી. સ્વામીએ ટ્વીટ કરીને આરોપ લગાવ્યો કે, કેન્દ્ર સરકારે નાના દેશ કતરની સામે ઘૂંટણીયા ટેકવી દીધા છે.

ભાજપના બે નેતાઓને સસ્પેન્ડ કરવા પર ગુસ્સે ભરાયેલા સુબ્રમણ્યમ સ્વામી અહીંથી ન અટક્યા, તેમણે તેમના સમગ્ર આઠ વર્ષના કાર્યકાળ દરમિયાન વિદેશ નીતિ પર સવાલો ઉઠાવ્યા હતા. સ્વામીએ આરોપ લગાવ્યો કે, મોદી સરકારના કાર્યકાળમાં ભારત માતાએ શરમથી માથું ઝુકવું પડ્યું હતું. આપણે લદ્દાખમાં ચાઈનીઝ સામે નાક રગડતા રહ્યા, રશિયા સામે ઘૂંટણિયે પડતા અને ક્વાડમાં અમેરિકનો સમક્ષ આજીજી કરતા જોવા મળ્યા હતા. હવે આપણે નાના દેશ કતર સામે પણ દંડવત કરવું પડી રહ્યું છે. આ આપણી વિદેશ નીતિનું પતન છે.

હકીકતમાં એવું કહેવામાં આવી રહ્યું છે કે, કતરના દબાણમાં આવીને ભાજપે પોતાની પાર્ટીના બે નેતાઓને સસ્પેન્ડ કરી દીધા છે. નૂપુર શર્મા અને નવીન જિંદાલ પર ભૂતકાળમાં પયગંબર મોહમ્મદ વિરુદ્ધ વાંધાજનક વાતો કરવાનો આરોપ છે. ભારતના મુસ્લિમો સહિત ઘણા આરબ દેશો દ્વારા તેનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. નુપુર શર્માએ પોતાની વિવાદાસ્પદ ટિપ્પણીને લઈને ફજેતો થતાં માફી માંગવી પડી હતી.

રવિવારે, કતાર, કુવૈત અને ઈરાને ભારતીય રાજદૂતોને બોલાવીને વિવાદાસ્પદ ટીપ્પણી પર ભારે નારાજગી વ્યક્ત કરી હતી અને કડક કાર્યવાહીની માંગ કરી હતી. ભારતે આ દેશોને કહ્યું છે કે આવી ટિપ્પણીઓ સરકારનો વિચાર નથી અને આવા લોકો સામે કાર્યવાહી કરવામાં આવી છે. રાજદૂતે તેમને કહ્યુ કે, આ કોઈપણ રીતે ભારત સરકારની ભાવના નથી. એવું હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોએ કહ્યું છે. ભારત વિવિધતામાં એકતાના સાંસ્કૃતિક વારસાના આધારે તમામ ધર્મોને સર્વોચ્ચ સન્માન આપે છે. આવી ટિપ્પણી કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. સંબંધિત સંગઠને એક નિવેદન બહાર પાડીને તમામ ધર્મોનું સન્માન કરવા અને કોઈપણ ધર્મના વ્યક્તિના સન્માનને ઠેસ પહોંચાડવાના પગલાની નિંદા કરી

## દેશમાં કોરોનાના ૨૪ કલાકમાં ૪૫૧૮ નવા કેસ, ૯ લોકોના મોત

નવીદિલ્હી,તા.૬

છેલ્લા ૨૪ કલાકમાં, કોરોના વાયરસના ૪,૫૧૮ નવા કેસ નોંધાયા છે, જેની સાથે દેશમાં કોવિડ-૧૯ કેસમાં ૫.૮ ટકાનો વધારો થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના કારણે ૯ લોકોના મોત થયા છે. સરકારી ડેટા અનુસાર, દેશમાં હાલમાં કોરોનાના કુલ સક્રિય કેસોની સંખ્યા ૨૫,૭૮૨ છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૨,૭૭૯ લોકો કોરોના વાયરસથી સાજા થયા છે.

જણાવી દઈએ કે દેશમાં અત્યાર સુધીમાં કુલ ૪૨,૬૩૦,૮૫૨ લોકોએ કોરોના વાયરસને માત આપી છે. જ્યારે આ જીવલેણ વાયરસને કારણે દેશમાં કુલ ૫૨૪,૭૦૧ લોકોના મોત થયા છે. કોરોના વાયરસના કુલ ૪૩,૧૮૧.૩૩૫ કેસ નોંધાયા છે. દેશમાં કોરોના સામે વેક્સીન અભિયાન પણ ઝડપથી ચલાવવામાં આવી રહ્યું છે.

છેલ્લા ૨૪ કલાકમાં ૨,૫૭,૧૮૭ રસી આપવામાં આવી છે અને અત્યાર સુધીમાં કુલ ૧,૯૪,૧૨,૮૭,૦૦૦ રસી આપવામાં આવી છે. રવિવારે, દિલ્હીમાં કોવિડ -૧૯ ના ૩૪૩ નવા કેસ નોંધાયા છે અને ચેપને કારણે કોઈ દર્દીનું મૃત્યુ થયું નથી. દિલ્હીના આરોગ્ય વિભાગ દ્વારા શેર કરવામાં આવેલા ડેટા અનુસાર, ચેપ દર ૧.૯૧ ટકા નોંધાયો હતો. કોરોના વાયરસના ચેપના આ નવા કેસોના આગમન સાથે, દિલ્હીમાં કોવિડ રોગચાળાના કુલ કેસોની સંખ્યા વધીને ૧૯,૦૮,૭૩૦ થઈ ગઈ છે, જયારે મૃત્યુઆંક ૨૬,૨૧૨ પર સ્થિર રહ્યો છે.

## પયગંબર પર વિવાદિત ટિપ્પણીને પગલે અનેક ઈસ્લામિક દેશોએ વિરોધ વ્યકત કર્યો

નવીદિલ્હી,તા.૬

ભારતીય જનતા પાર્ટીના નેતાઓની પયગંબર મોહમ્મદ પર વિવાદિત ટિપ્પણીને પગલે કેટલાક મુસ્લિમ દેશોએ ભારતીય રાજદૂતને તેડું મોકલ્યું. કતાર, ઈરાન, કુવૈતે ટિપ્પણીઓની ટીકા કરતા કડક વિરોધ નોંધાવ્યો. આ ઉપરાંત કેટલાક અન્ય મુસ્લિમ દેશોએ વિરોધ વ્યક્ત કરતા નિવેદન પણ બહાર પાડ્યા.

ટિપ્પણીઓ મામલે કતાર અને કુવૈત સ્થિત ભારતીય દૂતાવાસના પ્રવક્તાએ એક પ્રેસ રિલીઝમાં જણાવ્યું કે રાજદૂતે કહ્યું કે તે ટ્વીટ કોઈ પણ પ્રકારે ભારત સરકારના વિચારોને દર્શાવતા નથી. તે હાંસિયાના તત્વોના વિચાર છે. પ્રવક્તાએ વધુમાં કહ્યું કે કતારમાં ભારતીય રાજદૂત દીપક મિત્તલે વિદેશ કાર્યાલયમાં એક બેઠક પણ યોજી જેમાં ભારતમાં વ્યક્તિઓ દ્વારા અન્ય ધર્મના પૂજનીય લોકોને બદનામ કરનારા કેટલાક આપત્તિજનક ટ્વીટ્સ અંગે ચિંતા વ્યક્ત કરાઈ. અત્રે જણાવવાનું કે જે સમયે કતાર સરકારે ભારતીય રાજનયિકને તેડું મોકલ્યું તે જ સમયે હાલ ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડું પણ કતારના પ્રવાસે છે. તેમણએ રવિવારે કતારના પ્રધાનમંત્રી શેખ ખાલિદ બિન ખલીફા બિન અબ્દુલઅઝીઝ અલ સાની સાથે મુલાકાત કરી. આ દરમિયાન કતારના વિદેશ મંત્રાલય દ્વારા ભારતના રાજનયિકને એક નોટ સોંપવામાં આવી. જેમાં ભાજપ દ્વારા બંને નેતાઓના સસ્પેન્શનના નિર્ણયનું સ્વાગત કરાયું.

પયગંબર પર આપત્તિજનક નિવેદન બદલ કતાર સરકારે તો ભારત સરકાર પાસે જાહેરમાં માફીની માંગણી પણ કરી છે. કતાર સરકારે કહ્યું કે કતાર સરકાર ભારત સરકાર પાસે જાહેર માફી અને આ ટિપ્પણીઓની તત્કાળ ટીકાની આશા રાખે છે. આ બધા વચ્ચે કુવૈતમાં પણ રાજદૂત સિબી જ્યોર્જને રવિવારે તલબ કરવામાં આવ્યા અને એશિયાઈ મામલાના સહાયક વિદેશ મંત્રી દ્વારા એક અધિકૃત વિરોધ નોટ સોંપવામાં આવી. ઈરાનમાં ભારતીય રાજદૂત ધામૂ ગદ્દામને પણ તહેરાનમાં રવિવારે સાંજે દક્ષિણ એશિયાના મહાનિદેશક દ્વારા વિદેશ મંત્રાલય તલબ કરાયા. વિવાદાસ્પદ ટિપ્પણીને લઈને કડક વિરોધ વ્યક્ત કરાયો. આ ઉપરાંત અન્ય ઈસ્લામિક દેશો જેમ કે પાકિસ્તાન, અફઘાનિસ્તાનની તાલિબાન સરકાર, સાઉદી અરેબિયા, બહેરિને પણ વિવાદિત ટિપ્પણીઓ પર આકરો વિરોધ વ્યક્ત કરતા નિવેદન બહાર પાડ્યા છે.

### મોદીએ ૧, ૨, ૫, ૧૦ અને ૨૦ ના નવા સિક્કા બહાર પાડ્યા

## દેશના નાગરિકોના જીવનને સરળ બનાવવાનું હોય કે દેશની અર્થવ્યવસ્થાને સશક્ત બનાવવાની હોય

નવીદિલ્હી,તા.૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સવારે નવી દિલ્હી ખાતે વિજ્ઞાન ભવનમાં નાણા મંત્રાલય અને કોર્પોરેટ મામલાના મંત્રાલયના પ્રતિષ્ઠિત Iconic Week Celebration નું ઉદ્ઘાટન કર્યું. આ દરમિયાન પીએમએ ૧, ૨, ૫, ૧૦ અને ૨૦ રૂપિયાના સિક્કાની ખાસ શ્રેણી પણ લોન્ચ કરી. સિક્કા લોન્ચ કર્યા બાદ પીએમ મોદીએ કહ્યું કે આ નવા સિક્કા દેશના લોકોને સતત અમૃતકાળના લક્ષ્યની યાદ અપાવશે અને તેમને રાષ્ટ્રના વિકાસમાં યોગદાન માટે પ્રેરિત કરશે.

અત્રો જણાવવાનું કે આ સિક્કા ખુબ જ ખાસ છે કારણ કે આ સ્પેશિયલ સિરીઝના સિક્કાને નેત્રહીન પણ સરળતાથી ઓળખી શકશે. પીએમઓ દ્વારા આ જાણકારી શેર કરવામાં આવી હતી. આ સિક્કા ઓ પર એકેએએમનો લોગો હશે. પીએમઓના નિવેદનમાં કહેવાયું કે સિક્કાની આ સ્પેશિયલ સિરીઝમાં એકેએએમના લોગોની થીમ હશે અને દ્રષ્ટિહીન વ્યક્તિઓ પણ સરળતાથી ઓળખી શકશે.

પીએમ મોદીએ કહ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં મંત્રાલય અને કોર્પોરેટ મંત્રાલયે પોતાના કાર્યો દ્વારા યોગ્ય સમયે યોગ્ય નિર્ણયો દ્વારા પોતાની એક લેગસી બનાવી છે. એક સારી સફર કરી છે. તમે બધા આ વારસાનો ભાગ છો. દેશના નાગરિકોના જીવનને સરળ બનાવવાનું હોય કે દેશની અર્થવ્યવસ્થાને સશક્ત બનાવવાની હોય, છેલ્લા ૭૫ વર્ષમાં અનેક સાથીઓએ તેમાં ખુબ યોગદાન આપ્યું. આજે અહીં રૂપિયાની ગૌરવશાળી યાત્રાને પણ દેખાડવામાં આવી. આ સફરથી પરિચિત કરાવનારા ડિજિટલ પ્રદર્શનની પણ શરૂઆત થઈ અને આઝાદીના અમૃત મહોત્સવ માટે સમર્પિત નવા સિક્કા પણ બહાર પાડવામાં આવ્યા. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે આઝાદીનો આ અમૃત મહોત્સવ ફક્ત ૭૫ વર્ષનો ઉત્સવ માત્ર નથી, પરંતુ આઝાદીના નાયક, નાયિકાઓએ આઝાદ ભારત માટે જે સપના જોયા હતા, તે સપનાને પૂરા કરવા, તે સપનામાં નવું સામર્થ્ય ભરવું અને નવા સંકલ્પોને લઈને આગળ વધવાની પળ છે. આઝાદીના લાંબા સંઘર્ષમાં જેણે પણ ભાગ લીધો તેમણે આ આંદોલનમાં નવા ડાયમેન્શનને જોડ્યા અને તેની ઉર્જા વધારી. પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારતે પણ છેલ્લા આઠ વર્ષમાં અલગ અલગ ડાયમેન્શન પર કામ કર્યું છે. આ દરમિયાન દેશમાં જે જનભાગીદારી વધી અને તેમણે દેશના વિકાસને ગતિ આપી, દેશના ગરીબથી ગરીબ નાગરિકને સશક્ત બનાવ્યા છે. સ્વચ્છ ભારત અભિયાન ગરીબને સન્માનથી જીવવાની તક આપી. પાકા ઘર, વીજળી, ગેસ, પાણી, મફત સારવાર જેવી સુવિધાઓએ ગરીબોની ગરીમા અને સુવિધા વધારી. કોરોનાકાળમાં મફત રાશન યોજનાએ ૮૦ કરોડથી વધુ દેશવાસીઓને ભૂખની આશંકામાંથી મુક્તિ અપાવી.

## ચલણી નોટો પર ફોટાઓ બદલવાની કોઈ યોજના નથી, ગાંધીજીની જ તસવીર રહેશે : આરબીઆઈ

મુંબઈ,તા.૬

આરબીઆઈ ચલણી નોટો પર એપીજે અબ્દુલ કલામ અને રવિન્દ્ર નાથ ટાગોરની તસવીર લગાડવાની છે તેવી ગઈકાલે રવિવારે અફવા ઉડી હતી કે પરંતુ હવે સોમવારે આરબીઆઈએ આ અફવાને રદિયો આપીને એક ખુલાસો જારી કર્યો છે.

આરબીઆઈ દ્વારા જારી કરવામાં આવેલા ખુલાસામાં એવું જણાવાયું છે કે હાલની ચલણી નોટોમાં કોઈ ફેરફારની આરબીઆઈની કોઈ દરખાસ્ત નથી. આરબીઆઈ સ્પસ્ટ શબ્દોમાં જણાવ્યું કે હાલની ચલણી નોટો પર ટાગોર કે કલામની તસવીર લગાડવીની કોઈ યોજના નથી અને મહાત્મા ગાંધીજીની જ તસવીર રહેશે. પીઆઈબી ફેક્ટચેકમાં પણ કહેવાયું હતું કે ચલણી નોટો પરની તસવીર બદલવાના જે રિપોર્ટ આવ્યાં હતા તે ફેક છે અને આરબીઆઈ કે સરકારની આવી કોઈ યોજના નથી. રવિવારે એવા રિપોર્ટ આવ્યાં હતા કે ભારતના ૧૧માં રાષ્ટ્રપતિ અને મિસાઈલ મેન ડોક્ટર એપીજે અબ્દુલ કલામ અને રવીન્દ્રનાથ ટાગોરની તસવીર લગાડવાની આરબીઆઈની યોજના છે. એક રિપોર્ટમાં જણાવ્યા અનુસાર, હવે નાણામંત્રાલય અને ભારતીય રિઝર્વ બેંક અમુક બેંક નોટોની એક નવી સિરિઝ લાવવા પર વિચાર કરી રહી છે, જેના પર ટાગોર અને કલામની વોટરમાર્ક ફોટો હશે.. અહેવાલો અનુસાર, ગાંધી, ટાગોર અને કલામના વોટરમાર્કવાળા ફોટોગ્રાફસના સેમ્પલના બે અલગ-અલગ સેટ આરબીઆઈ અને નાણા મંત્રાલય હેઠળના સિક્યોરિટી પ્રિન્ટિંગ એન્ડ મિન્ટિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એસપીએમલીઆઈએલ) દ્વારા આઈઆઈટી-દિલ્હીના એમેરિટસ પ્રોફેસર દિલીપ ટી શહાનીને મોકલવામાં આવ્યા છે. પ્રોફેસર શાહાનીને બે સેટમાંથી પસંદ કરવા અને સરકાર દ્વારા આખરી વિચારણા માટે મુકવા માટે કહેવામાં આવ્યું છે

## તંત્રી સ્થાનેથી...

# યુક્રેનની જીત અંગેનો પશ્ચિમના દેશોનો વર્તાતો દઢ નિર્ધાર

***રશિયાના ઓઇલની આયાત પર યુરોપિયન દેશો દ્વારા આંશિક પ્રતિબંધ મૂકવાના નિર્ણય માટે ઘણી જહેમત ઉઠાવવી પડી હતી. યુરોપિયન યુનિયન રશિયાના ગેસ બાબતે ઝડપી પગલાં લેશે તે બાબત પહેલાંથી જ નકારી દેવાઈ છે. બાલ્ટિક સ્ટેટ્સ અને પોલેન્ડ આ અંગે ઝડપી નિર્ણય લેવાય તેવું ઇચ્છે છે. યુક્રેનનો દાવો છે કે પશ્ચિમના દેશો વાયદા ઘણા કર્યા પરંતુ તેમાંથી અમુક જ પૂરા કર્યા છે. જર્મની દ્વારા અગાઉ કરાયેલ વાયદાના અમલ માટે ધીમી ગતિએ થતું કામ અને અમેરિકાના રાષ્ટ્રપતિ દ્વારા યુક્રેન પર દેશની સીમામાં રહેલ રશિયન લક્ષ્યો પર હુમલો કરવા માટે જ પોતાનાં હથિયારોનો ઉપયોગ કરવાની મર્યાદાના કારણે પ્રશ્નો સર્જાયા છે. હવે લોકો એવું વિચારવા લાગ્યા છે કે પશ્ચિમના દેશો યુક્રેન પર આવાં નિયંત્રણો કેમ લાદી રહ્યા છે, જ્યારે સામેની બાજુએ રશિયા કોઈ મર્યાદાનું અનુસરણ નથી કરી રહ્યું. આ તમામ પ્રયત્નો યુક્રેનના પ્રયાસોને અંકુશમાં રાખવા માટે કરવામાં આવી રહ્યા છે. તેઓ યુક્રેનને જિતાડવા માગે છે પરંતુ તેઓ ઘણું જીતી જાય એવું પણ નથી ઇચ્છતા. એવું માનવામાં આવે છે કે પુતિને આ યુદ્ધ એટલા માટે ચાલુ કર્યું હતું કે તેમને આત્મવિશ્વાસ હતો કે પશ્ચિમના દેશો તેમાં દખલ નહીં કરે. નાટોના સભ્ય દેશો અફઘાનિસ્તાનમાંથી શરમજનક રીતે પરત ફર્યા હોઈ ફરી એક વાર આવા કોઈ યુદ્ધમાં સામેલ થવાનું સાહસ નહીં કરે.***

***યુક્રેન વિરુદ્ધ રશિયાએ શરૂ કરેલા સૈન્ય અભિયાનની ધીમી ગતિના કારણે નિષ્ણાતો હવે આ યુદ્ધ અપેક્ષા કરતાં વધુ લાંબુ ખેંચાશે તેવી વાત કરવા માંડયા છે. યુક્રેનને શક્ય તેટલી શ્રેષ્ઠ મદદ અને રશિયાને પાઠ ભણાવવા માટે કયા દેશોએ કઈ હદ સુધી પ્રયત્ન કર્યા એ પણ હવે મહત્વનું છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ફ્રાન્સ, જર્મની અને ઇટાલી જેવા દેશો તરફ નજર કરે છે, જેઓ યુદ્ધ અંગે અલગ વલણ અખત્યાર કરવાના પક્ષમાં છે. પુતિન બ્રિટન, પોલેન્ડ અને બાલ્ટિક્સમાં સરકારો દ્વારા યુક્રેન યુદ્ધમાં રશિયાની હાર નિશ્ચિત કરવા અંગે હુંકાર કરતાં જોઈ રહ્યા છે. અહીં એ તો સ્પષ્ટ છે કે રશિયાને પરવા માત્ર અમેરિકાના રાષ્ટ્રપતિના વલણની છે. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઇડને આ અંગે જુદા જુદા સમયે જુદા જુદા સંકેતો આપ્યા છે. માર્ચમાં પુતિનને તેમણે 'યુદ્ધ ગુનેગાર' ગણાવ્યા હતા અને રશિયામાં સત્તાપલટાની જરૂરિયાત અંગે વાત કરી હતી. પરંતુ આ અઠવાડિયે યુક્રેનને 'રશિયાના ક્ષેત્રમાં પ્રવેશીને' તેની પર હુમલો કરી શકે તેવી રોકેટ સિસ્ટમ આપવામાં તેઓ થોડો સંકોચ અનુભવતા જોવા મળ્યા હતા. અમેરિકા દ્વારા યુક્રેનને બુધવારે વધુ આધુનિક રોકેટ સિસ્ટમ મોકલવાના નિર્ણયને રશિયાએ 'આગમાં વધુ ઘી હોમવાનું' કૃત્ય ગણાવ્યું હતું. અમેરિકા અને તેમના સાથીઓ યુક્રેનને યુદ્ધ માટે જરૂરી તમામ મજબૂત ટેકો કરવા પ્રતિબદ્ધ છે. જેથી યુક્રેનનું સાર્વભૌમત્વ અને તેની સ્વતંત્રતા કોઈ પણ ભોગે જાળવી શકાય. આ પ્રકારની ગૂઢ ભાષાના કારણે જ એ સવાલ પેદા થયો છે કે શું યુક્રેન બાબતે પશ્ચિમના દેશોની એકતામાં ફાટ પડવા લાગી છે?***

# કયા ૧૦ લોકોના ઘરે ભોજન કરવાથી આપણે મુસીબતમાં મુકાઈ શકીએ છીએ..



ગરૂડ પુરાણના આચાર કાંડમાં ખૂબ જ વિસ્તાર પૂર્વક આ બાબતે સ્પષ્ટતા કરવામાં આવી છે.આવો જોઈએ કે કયા ૧૦ લોકોના ઘરે ભોજન કરવાથી આપણે મુસીબતમાં મુકાઈ શકીએ છીએ..

(૧) ચોર અને અપરાધીઃ જો કોઈ વ્યક્તિ ચોરી કરતો હોય કે અપરાધી સિદ્ધ થઈ ગયો હોય અને આપણે એ જાણતા હોઈએ તો એના ઘરે ભોજન કદી ન કરવું કારણ કે ચોરી કરેલા પૈસામાંથી એનું ભોજન બને છે અને એ ભોજન ગમે તેવું હોય તો પણ તમારા પેટમાં એ કીડા પેદા કરે છે.આવા વ્યક્તિના ઘરે ભોજન કરવાથી તમે પણ એની ચોરીના પાપના ભાગીદાર બનો છો અને તેનું ખરાબ ફળ ભોગવવું પડે છે.

(૨) વ્યાજખોર વ્યક્તિઃ અત્યારે અનેક લોકો વ્યાજનો ધંધો કરે છે.વ્યાજ ખાવું એ એક મોટું પાપ છે.વ્યાજે પૈસા આપનારા લોકો બીજાની મજબૂરીનો ફાયદો ઉઠાવતા હોય છે,તેમની પાસેથી અનેક ગણું વ્યાજ વસુલ કરતાં હોય છે.બીજાની ગરીબીનો ખોટો ફાયદો ઉઠાવીને આવા લોકો ખોટી રીતે પૈસા ભેગા કરતાં હોય છે.ગરૂડ પુરાણ કહે છે કે આવા લોકોને ત્યાં ભોજન કરવાથી વ્યાજ આપનાર ગરીબ-મજબૂરની આંતરડી કકળી હોય એનો દોષ તમને પણ લાગી શકે છે અને તમે જીવનમાં પરેશાન થઈ શકો છો.

(૩) ચારિત્ર્યહિન સ્ત્રીઃ સ્ત્રીને આપણે ત્યાં શક્તિ અને માતા કહેવામાં આવે છે પણ જ્યારે સ્ત્રી પોતે જ પોતાની ગરીમા ભુલાવીને ચારિત્ર્યહિન બને છે ત્યારે એ પાપીણી કહેવાય છે.જ્યારે કોઈ સ્ત્રી સ્વેચ્છાએ, પોતાની મરજીથી,મોજશોખ માટે અધાર્મિક આચરણ કરે,અનૈતિક શારીરિક સંબંધો બાંધે અને પોતાના પતિને દગો કરતી હોય ત્યારે તેવી સ્ત્રીના હાથે બનેલું ભોજન ખાવાથી તમે પણ તેના પાપના ભાગીદાર બનો છો અને ગરૂડ પુરાણમાં એની સજા પણ વર્ણવી છે.

(૪) બીમાર વ્યક્તિઃ જ્યારે કોઈ વ્યક્તિ કોઈ પણ પ્રકારની ગંભીર બીમારીથી ગ્રસિત હોય છે ત્યારે એની આસપાસનું વાતાવરણ પણ એવું જ બીમારી ફેલાવનારું બની જતું હોય છે.આથી આવા લોકોને ત્યાં ભોજન કરવાથી એ બીમારીના જીવાણુંઓ તમને પણ લાગી શકે છે.તમારૂ સ્વાસ્થ્ય પણ બગડી શકે છે. માટે કદી કોઈ બિમાર વ્યક્તિના ઘરે ભોજન ના કરશો.

(૫) ક્રોધી વ્યક્તિઃ ક્રોધ માનવીનો સૌથી મોટો શત્રુ છે, એ એક નહીં પણ અનેક લોકોને એક સાથે બરબાદ કરે છે.માનવીને ક્રોધ આવે છે ત્યારે તેને સારા-નરસાનું ભાન નથી રહેતું.જો તમે ક્રોધી માનવીના ઘરે ભોજન કરશો તો તેના આ અવગુણો તમારામાં પણ પ્રવેશ કરશે અને તમે પણ ક્રોધ કરીને તમારૂં જીવન બરબાદ કરીશો.

(૬) નપુંશક અને કિન્નરઃ આપણા સમાજમાં કિન્નરોને દાન દેવાનું કાર્ય પુણ્ય કાર્ય માનવામાં આવ્યુ છે, એવું પણ કહેવાય છે કે કિન્નરોને દાન દેવાથી આપણને અક્ષય પુણ્ય પ્રાપ્ત થાય છે પણ એક વાત ખાસ યાદ રાખવી જાઈએ કે કિન્નરો અનેક લોકોના ઘરેથી દાન પ્રાપ્ત કરતાં હોય છે,એમને દાન દેનારા લોકો કેવા પ્રકારનું ધન કમાયા હોય છે એ આપણે જાણતા નથી. કોઈ સારા કામથી પૈસા કમાયું હોય તો કોઈ ખરાબ કામથી એટલે જો તમે કિન્નરોના ઘરે ભોજન કરશો તો બે પ્રકારના પાપ લાગી શકે છે.એક તો જેને દાન દેવાનું હોય એના ઘરે ભોજન કરવાનું પાપ અને બીજુ અન્યાયી રસ્તે આવેલા દાનમાંથી ભોજન કરવાનું પાપ માટે ગરૂડ પુરાણ કહે છે કે આ બંને પાપથી બચવું હોય તો કદી કિન્નરોના ઘરે ભોજન ના કરવું.

(૭) નિર્દયી વ્યક્તિઃ નિર્દયી અને અન્યાયી વ્યક્તિની ગણના પાપી વ્યક્તિ તરીકે થાય છે. જે માણસ બીજા પ્રત્યે સદ્?ભાવ નથી રાખતો, બીજાને કષ્ટ આપે છે, પરપીડન વૃત્તિથી રાજી થાય છે તેવા નિર્દયી માણસના ઘરે ક્યારેય ભોજન ના કરવું જોઈએ એવું ગરૂડ પુરાણ કહે છે કારણ કે એવા વ્યક્તિના ઘરે ભોજન કરવાથી તમારો સ્વભાવ પણ એવો જ થઈ જાય છે. તમે પણ એના જેવા નિર્દયી બની જઈ શકો છો.

(૮) નિર્દયી રાજા કે શાસકઃ રાજા અર્થાત શાસકનું પ્રથમ કર્તવ્ય પ્રજાનું હિત કરવાનું અને તેમને સુખી કરવાનું છે પણ કેટલાંક રાજાઓ એટલે આજના જમાનાના અર્થમાં જોઈએ તો એવા રાજકારણીઓ જે પોતાની જનતાનું સારૂં ઈચ્છતા ના હોય તેમની સુખાકારી માટે કંઈ કામ ના કરતાં હોય, નિર્દયી રીતે વેરાઓ નાંખીને કે અન્ય રીતે પ્રજાને લુંટતા હોય,પ્રજાને વગર કારણે જુદી જુદી રીતે દંડીત કરતાં હોય એવા રાજા કે શાસકના ઘરે કદી ભોજન કરવું નહીં કારણ કે એ ભોજનમાં હજ્જારો લાખ્ખો દુઃખી લોકોનાં આંસુઓ ભળેલા હોય છે.જે વ્યક્તિ એવા રાજા કે શાસકને ત્યાં ભોજન કરે છે એ પણ આખી જિંદગી રડતો જ રહે છે.

(૯) ઈર્ષાળુ અને ચુગલીખોર વ્યક્તિઃ જે વ્યક્તિ બીજાની ઈર્ષા કરે છે કે જે વ્યક્તિ બીજાની ચુગલી કરીને આનંદ મેળવે છે એવા વ્યક્તિને ગરૂડ પુરાણે પાપી ગણ્યો છે.બીજાની ચુગલી કે ઈર્ષા કરવી એ બુરી આદત છે.ચુગલી કરનારા અને ઈર્ષા કરનારા લોકો બીજાને કોઈને કોઈ રીતે મુશ્કેલીમાં મુકી દેતા હોય છે અને તેનો આનંદ લેતા હોય છે માટે આવા લોકોને ત્યાં ભોજન કરવાથી તમે પણ એમના પાપના ભાગીદાર બની જતા હો છો.આવા લોકોને લીધે અન્ય લોકોને જેવા કષ્ટો પડ્યા હોય એવા જ બેગણા કષ્ટો તમને પણ પડે છે માટે આવા વ્યક્તિને ત્યાં ભુલથી પણ ભોજન ના કરશો.

(૧૦) નશીલ ચીજોનું સેવન કે વેચાણ કરનાર વ્યક્તિઃ જે લોકો દારૂ,ચરસ,ગાંજો જેવા નશીલા પર્દાર્થોનું વેચાણ કે સેવન કરે છે એવા લોકોને ગરૂડ પુરાણમાં દુષ્ટો કહેવાયા છે કારણ કે એવા લોકોના કારણે કેટલાંય લોકો મરણને શરણ થાય છે અને અનેકના ઘર બરબાદ થઈ જાય છે માટે ગરૂડ પુરાણ કહે છે કે આવા લોકોના ઘરે તમે ભોજન કરશો તો બરબાદ થયેલ ઘરના લોકોના નિસાસા તમને પણ લાગશે.


વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,જી.પંચમાહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)


# રાજ્ય સરકારના પેન્શનરોએ જુલાઈના અંત સુધીમાં વાર્ષિક હયાતીની ખરાઈ કરાવવાની રહેશે

તિજોરી અધિકારી, પેન્શન ચુકવણા કચેરી અમદાવાદની અખબારી યાદી અનુસાર તેઓની કચેરી મારફતે IRLA સ્કીમથી પેન્શન મેળવતા પેન્શનરશ્રીઓની વાર્ષિક હયાતિની ખરાઈ તેમની સંબંધિત બેંકમાં જઈને મે, જૂન,જુલાઈ માસમાં કરાવી શકશે. પેન્શનરશ્રીઓ કચેરી/બેંકની મુલાકાત લીધા સિવાય રહેઠાણના સ્થળે હયાતીની ખરાઈ કરાવી શકે તે માટે સ્માર્ટફોનનો ઉપયોગ કરી face authentication technique દ્વારા જીવન પ્રમાણ પોર્ટલ મારફત ડિજિટલ જીવન પ્રમાણ સર્ટિફિકેટ જનરેટ કરી શકશે. આ સેવાની વિગતવાર સમજ https://pensionersportal.gov.in પર ઉપલબ્ધ છે. આ ઉપરાંત Info અથવા https://ccc.cept.gov.in/ServiceRequest/request.aspx વેબસાઈટ પર નોંધણી કરીને ટપાલી/ગ્રામીણ ડાક સેવક મારફતે અને https://doorstepbanks.com/ વેબસાઈટ પર નોંધણી કરીનu Doorstep Banking મારફતે સ્વખર્ચે ઘરઆંગણે હયાતીની ખરાઈ કરાવી શકે છે.

જે ધ્યાને લઈ માહે મે થી જુલાઈ માસ દરમ્યાન હયાતીની ખરાઈ કરાવી લેવા વિનંતી છે. તેમજ આવક પ્રમાણપત્ર પણ બેક્રમાંથી અથવા https://cybertreasury.gujarat.gov.in/ પોર્ટલ પરથી મેળવી લેવાના રહેશે. અને જે પેન્શનરશ્રીઓ ઓગસ્ટ મહિના સુધીમાં હયાતીની ખરાઈ કરાવી ના શકે તો તેવા પેન્શનરશ્રીઓના કિસ્સામાં માહે સપ્ટેમ્બર માસથી પેન્શનની રકમનું ચુકવણું સ્થગિત કરવામાં આવશે.

# છેલ્લા ૫ વર્ષમાં ૪ લાખ જેટલા નવા વિદ્યાર્થીઓ રાજ્યની સરકારી શાળામાં દાખલ થયા : શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી

શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે, રાજ્યની સરકારી શાળાઓમાં જે પ્રકારે ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવામાં આવી રહ્યું છે જેને અનુલક્ષીને છેલ્લા ૫ વર્ષમાં ૪ લાખ જેટલા નવા વિદ્યાર્થીઓ રાજ્યની સરકારી શાળામાં દાખલ થયા છે. ગત વર્ષે રાજ્યના ૧ લાખ વિદ્યાર્થીઓએ સરકારી શાળામાં પ્રવેશ મેળવ્યો છે જે ખૂબ જ ગૌરવની બાબત છે. રાજ્યમાં વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે ફીયરલેસ એક્ઝામનો માહોલ શિક્ષણ વિભાગે ઉભો કર્યો છે ત્યારે બોર્ડની પરીક્ષામાં સફળ થયેલા વિદ્યાર્થીઓને અભિનંદન આપી, અસફળ થયેલા વિદ્યાર્થીઓને નિરાશ ન થઈ વધુ એક પ્રયાસ સાથે બેસ્ટ પરફોર્મન્સ આપવા મંત્રીશ્રી વાઘાણીએ અનુરોધ કર્યો છે.

GIET અને GCERTના સંયુક્ત ઉપક્રમે અમદાવાદ ખાતે આયોજિત ગ્રીષ્મોત્સવના સમાપન સમારંભમાં પધારેલા રાજ્યના શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે, ગ્રીષ્મોત્સવની શરૂઆત સૌપ્રથમ વખત ગુજરાતમાં થઈ છે. શિક્ષણ વિભાગનો આ એક અનોખો પ્રયોગ છે. સરકારી શાળાના બાળકો માટે વેકેશન સમયગાળા દરમિયાન શ્રીમદ્ ભાગવત, વિજ્ઞાન, ગણિત, કળા-કૌશલ્ય, સંગીત, કોડિંગ, મનોરંજન, વાર્તા અને દેશી રમતો સહિતના વિષયોના કાર્યક્રમો ઓનલાઈન અને ઓફલાઈન યોજાયા, જેમાં અંદાજે ૬.૫ લાખ બાળકોનું રજિસ્ટ્રેશન થયું છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું કે, આ કાર્યક્રમમાં રાજ્યના તમામ તાલુકાનું પ્રતિનિધિત્વ જોવા મળ્યું છે અને તેમાં પણ સરકારી શાળાના બાળકો પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. આ એવા ગરીબ અને આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓ છે જેમના વાલીઓ છૂટક મજૂરી અથવા તો ખેતી કરીને ગુજરાન ચલાવે છે. આ રીતે દિવાળીના વેકેશનમાં શરદોત્સવનું પણ આયોજન કરવામાં આવશે. તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે શરૂ કરેલા પ્રવેશોત્સવ અને ગુણોત્સવ જેવા અનેક કાર્યક્રમોનાં શ્રેષ્ઠ પરિણામો આજે મળી રહ્યા છે. NCERT દ્વારા કરાયેલા નેશનલ

એચિવમેન્ટ સર્વેમાં આપણા રાજ્યની સરકારી શાળાઓ ધોરણ ૩ થી ૮ના વિવિધ વિષયોમાં ઉત્કૃષ્ટ દેખાવ સાથે દેશભરમાં ટોચ પર રહી છે. રાષ્ટ્રના સરેરાશ દેખાવ કરતા પણ રાજ્યનો દેખાવ સારો રહ્યો છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, છેલ્લા ૪ વર્ષમાં વિવિધ ઉત્સવો અને કાર્યક્રમો થકી શિક્ષણના સ્તરમાં ખૂબ સુધારો આવ્યો છે. છેલ્લા ૫ વર્ષમાં ૪ લાખ જેટલા નવા વિદ્યાર્થીઓ સરકારી શાળામાં દાખલ થયા છે જે વિક્રમજનક આંકડો છે. ગત વર્ષે ૧ લાખ વિદ્યાર્થીઓએ સરકારી શાળામાં એડમિશન લીધું છે. કોરોનાકાળમાં પણ વિદ્યાર્થી પર અભ્યાસક્રમનો ભાર ન રહે તે પ્રમાણે વ્યવસ્થા ગોઠવાઈ હતી. ૨૫ ટકા સિલેબસ કાપવાની વાતને નિષ્ણાંતો સાથે વિમર્શ કરી વિદ્યાર્થીઓના હિતમાં નકારી અને વધુ સવાલ, ઓછા જવાબની પદ્ધતિ પ્રમાણે પરીક્ષા લેવાઈ હતી. વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે ફીયરલેસ એક્ઝામનો માહોલ શિક્ષણ વિભાગે ઉભો કર્યો.

મંત્રીશ્રી વાઘાણીએ વધુમાં કહ્યું કે, બોર્ડની પરીક્ષામાં પણ વિદ્યાર્થીઓ-વાલીઓ અને શિક્ષકો સહિત શિક્ષણ વિભાગની મહેનત રંગ લાવી છે. રાજ્યના ૯૫૮ કેન્દ્રોમાં ૪.૭૨ લાખથી વધુ વિદ્યાર્થીઓએ આપેલી S.S.C પરીક્ષાનું ૬૨.૧૮ ટકા પરિણામ જાહેર થયું છે. જે વિદ્યાર્થીઓ સફળ થયા છે તેમને અભિનંદન આપી, જે વિદ્યાર્થીઓ સફળ નથી થયા તેઓ નિરાશ ન થઈ વધુ એક પ્રયાસ સાથે બેસ્ટ પરફોર્મન્સ આપવા કહ્યું હતું.

## શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજા રોજગારીમા

# સમગ્ર દેશમાં ગુજરાત અગ્રેસર કૌશલ્ય યુનિ. થકી ઉદ્યોગ અને રોજગારી વચ્ચે સેતુબંધ બાંધવાનો રાજ્ય સરકારનો ઉદ્દેશ

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનુ સ્વપ્ન છે 'ભારતને આત્મનિર્ભર' બનાવવું અને એ માટે દેશના યુવાનોને કૌશલ્ય થકી તાલીમબદ્ધ કરીને રોજગારી ઉપલબ્ધ કરાવવાની નેમ સાથે રાજ્યમાં પ્રથમવાર ×કૌશલ્ય ધ સ્કીલ યુનિવર્સિટી×ની સ્થાપના થઈ રહી છે.

રાજયના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા સંચાલિત ×કૌશલ્ય- ધ સ્કીલ યુનિવર્સિટી×ની સ્થાપના ઓક્ટોબર-૨૦૨૧ થી કરવામાં આવી છે.જેમા યુવા પેઢીને રોજગારલક્ષી વ્યવસાયિક તાલીમ અને શિક્ષણ પુરુ પાડવામાં આવશે. જેની સંપૂર્ણ માહિતી ઓનલાઈન મળી શકે એ હેતુથી www.kaushalyaskilluniversity.ac.in નામની વેબસાઈટ અને ખાસ એડ્મીશન પોર્ટલ શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાના વરદ હસ્તે શરુ કરવામા આવ્યું.

આજ રોજ મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન, અમદાવાદ ખાતે આયોજિત કાર્યક્રમમાં સંબોધન કરતાં મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના ×આત્મનિર્ભર ભારત×ના સ્વપ્નને સાકાર કરવા માટે ગુજરાત રાજયના શ્રમ અને રોજગાર વિભાગ થકી × કૌશલ્ય ધ સ્કીલ યુનિવર્સિટી× ની સ્થાપના કરવામાં આવી છે. જેમાં શિક્ષણના અભિગમ સાથે રોજગારીના સર્જન પર રાજ્ય સરકારનો વિશેષ મુખ્ય ઉદ્દેશ રહેલો છે.જેથી ઉદ્યોગો અને રોજગારી વચ્ચે સેતુબંધ બંધાય અને રાજયના નવયુવાનો સ્વરુચિ મુજબ વિવિધ પ્રકારના ઉદ્યોગોની તાલીમ મેળવે અને શિક્ષણ સાથે આવક પણ મેળવે. એથી learning with earning અર્નિંગ આપવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે.

ભારત સરકારના વર્તમાન બજેટમાં ડ્રોન ટેકનોલોજીના વિકાસ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે તેમ જણાવતા મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે રાજ્ય સરકારે આ ટેક્નોલોજીને સાકાર કરવા માટેનો નિર્ધાર કર્યો છે અને તેથી રાજયના૯ કેન્દ્રો ખાતે ડ્રોનની તાલીમ અંગેના વિશેષ કોર્સ શરૂ કરાશે.અને યુવાનોને નિષ્ણાતો અને તજજ્ઞો દ્વારા કોચિંગ અને ટીચીંગ આપવામાં આવશે.

ખુબ જ ટૂંકા ગાળામાં અમદાવાદના શીલજ વિસ્તારમાં ×કૌશલ્ય ધ યુનિવર્સિટીનું ભવન નિર્માણ પામશે તેમ જણાવતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે અહીં ૯ પ્રકારના ડિગ્રી કોર્સ અને ૭૫ જેટલા સર્ટીફીકેટ કોર્સમાં પ્રવેશ આપવામાં આવશે. વિદ્યાર્થીઓને તાલીમ સાથે સ્ટાઈપેન્ડ પણ મળશે, કૌશલ્ય યુનિવર્સિટીએ સર્વાધિક સુવિધાઓ સાથેનું પરિમાણ સાબિત થશે એમ મંત્રી શ્રી એ ભારપૂર્વક જણાવ્યું હતું.

ભારતમાં અંગ્રેજોના જમાનાની શિક્ષણપ્રથામાં આમૂલ પરિવર્તન લાવીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી શિક્ષણ નીતિ -૨૦૨૦ ની પોલિસી જાહેર કરી છે તેમ જણાવતાં મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે આ યુનિવર્સિટીમાં સ્કીલ સાથે તેનું સંપૂર્ણ અમલવારી કરવામાં આવશે. રાજયના યુવાનો માટે નાનો -મોટો વ્યવસાય કરવાની અને રોજગારીની વધુ તકો ઉપલબ્ધ થશે.

રાજયના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના અગ્ર સચિવશ્રી ગાંધી શ્રમ સંસ્થાનના ડાયરેક્ટર જનરલ શ્રીમતી અંજુ શર્માએ પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનુ શ્રમિક કૌશલ્ય વિકાસનું સ્વપ્ન હવે સાકાર થવા જઈ રહ્યું છે. 'કૌશલ્ય સાથે શિક્ષણ'ના હેતુ સાથે રાજયના યુવાનોના કૌશલ્યને કેંદ્રમાં રાખીને 'સ્કિલ સ્માર્ટ' થકી રોજગારી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કૌશલ્ય યુનિવર્સિટીમાં માંગ અને રોજગાર આધારિત અભ્યાસક્રમ, તંદુરસ્ત આજીવિકાની તકો સાથેનુ સસ્તું શિક્ષણ, મજબૂત ઉદ્યોગ સાથે જોડાણ અને ભાગીદારી સાથે વહીવટી સંચાલન કરવામાં આવશે. હાલ આ યુનિ ની કામગીરી મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન ખાતે કાર્યરત છે. જેનું મુખ્ય નવું ભવન અમદાવાદમાં શીલજ ખાતે ૨૦ એકર જમીનમાં તૈયાર કરવામાં આવશે. જ્યાં શૈક્ષણિક સુવિધાઓ સાથે લેબોરેટરી, લાયબ્રેરી, રમત-ગમત મેદાન, વાહન વ્યવહારની સવલતો અને રહેણાંકને લગતી તમામ અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવનાર છે. ૯ નવ જેટલા ડિગ્રી કોષમાં ૬૦૦ સીટ ઉપલબ્ધ છે અને ૭૫ જેટલા સર્ટિફિકેટ કોષમાં ૨૦થી ૨૫ હજાર વિદ્યાર્થીઓ તાલીમબદ્ધ થઈ શકશે તેવું સુચારું આયોજન કરવામાં આવ્યું છે. દરેક કોષ બાદ યુવાનોને વિવિધ ઈન્ડસ્ટ્રીમાં રોજગારીનું સર્જન થઈ શકશે.

×કૌશલ્ય ધ સ્કીલ યુનિવર્સિટી×ને ભારતની આઈકોનિક યુનિવર્સિટી બનાવવાનું રાજ્ય સરકારનું ધ્યેય છે તેમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

દેશના વડાપ્રધાન શ્રી એ દેશમાં વિવિધ ક્ષેત્રે ડ્રોનના વિવિધ ઉપયોગની જરૂરિયાતને જોતા દેશને ડ્રોન હબ બનાવવાની કરેલી હાકલના અનુસંધાને ગુજરાતે સ્કીલ યુનિવર્સિટીના એક ભાગ તરીકે ડ્રોન ઈન્સ્ટ્રક્ટર ઉડાન અને ઉડાન મારફતે પ્રાપ્ત ડેટાના એનાલિસિસ માટેની સઘન તાલીમ પૂરી પાડવાનું આયોજન કર્યું હતું. આ પૈકી હાલમાં જેમણે તાલીમ લીધી છે એવા યુવાનો રાજ્યમાં બીજા નવા ડ્રોન ટ્રેઈનર તૈયાર કરશે. ગામડાંઓમાં ખેતી કામ તથા અન્ય હવાઈ સર્વેમાં ડ્રોન ખૂબ જ ઉપયોગી બની રહે છે એ જોતાં કૌશલ્ય યુનિવર્સિટીનો પ્રયાસ છે કે રાજયમાં ડ્રોન પાયલોટ અને ડોન ઉત્પાદન ક્ષેત્રે નવી રોજગારી ઊભી કરવામાં મહત્વનું યોગદાન આપવામાં આવશે.જે પૈકી ૯ પાયલોટ ઈન્સ્ટ્રક્ટરને મંત્રી શ્રી ના હસ્તે પ્રશસ્તિ પત્ર અપાયા હતા.

×કૌશલ્ય ધ સ્કીલ યુનિવર્સિટી×માં વિવિધ ઉધોગોકારો અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ સંકાળાઈ છે તદુપરાંત વિક્ટોરિયા યુનિવર્સિટી -મેલબોર્ન (ઓસ્ટ્રેલિયા) સાથે ઓનલાઈન એમઓયુ થયા હતા.

આ પ્રસંગે ×કૌશલ્ય ધ સ્કીલ યુનિવર્સિટી×નો લોગો ડિઝાઈન તૈયાર કરનાર શ્રી હર્ષલ ભટ્ટનું પ્રશસ્તિપત્ર તથા રોકડ પુરસ્કારથી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના તાલીમ ડાયરેક્ટર શ્રી લલિતભાઈ નારાયણ,ઢ્ઢજેં ડાયરેક્ટર શ્રી સુનીલભાઈ શુકલા, રજીસ્ટાર શ્રી એચ.આર.સુથાર,ચીફ સ્કીલ કોઓર્ડિનેટર શ્રી પંકજભાઈ મિસ્ત્રી, એકેડમી ડાયરેક્ટર શ્રી જગદીશભાઈ જોષી, વિવિધ ઈન્ડસ્ટ્રીઝના પદાધિકારીઓ અને અધિકારીઓ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મનીષાપ્રધાન

# ગુજરાતમાં બે દિવસ બાદ ગરમીમાં ઘટાડો થશે, શહેરમાં પારો ૪૨ ડિગ્રીને પાર

અમદાવાદ,તા.૬

ગુજરાત રાજ્યમાં ગરમીનો કહેર યથાવત છે તો બીજી તરફ અમદાવાદમાં ગરમીનું પ્રભુત્વ યથાવત્ રહ્યું છે અને સતત પાંચમાં દિવસે મહત્તમ તાપમાનનો પારો ૪૨ ડિગ્રીથી વધારે નોંધાયો હતો. રાહતની વાત એ છે કે, આગામી બે દિવસ બાદ ગરમીના પ્રમાણમાં તબક્કાવાર ઘટાડો થવાનું હવામાન વિભાગ દ્વારા અનુમાન કરાયું છે.

ગુજરાતમાં અમદાવાદ ૪૨.૫ ડિગ્રી, ગાંધીનગર ૪૨.૦,જુનાગઢ ૪૨.૦,અમરેલી ૪૨.૦,રાજકોટ૪૧.૯,ડીસા, ૪૧.૨ પાટણ ૪૧.૨, વડોદરા ૪૦.૨ સુરત ૩૪.૪ ડિગ્રી નોંધાયુ હતું આજે દિવસ દરમિયાન ૪૨.૫ ડિગ્રી સાથે અમદાવાદમાં સૌથી વધારે ગરમી નોંધાઈ હતી. અમદાવાદના સરેરાશ મહત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં બે ડિગ્રીનો વધારો નોંધાયો હતો.





તા.૫ જૂન વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે વૃક્ષારોપણનો કાર્યક્રમ ગાયત્રી પરિવાર નારણપુરા અને મીરામ્બિકા સ્કૂલ તથા કડવા પાટીદાર પરિવાર મહિલા વિકાસના સહયોગ દ્વારા મીરામ્બિકા કેમ્પર્સમાં નારણપુરા અમદાવાદ ખાતે આનંદ ઉત્સાહ પૂર્વક ગાયત્રી મંત્રોચ્ચાર સાથે કરવામાં આવ્યું હતું.તેમજ ગાયત્રી પરિવાર નારણપુરાના પરિજનો દ્વારા પણ સક્રિયતા દર્શાવી પોતાના ઘરે કે અન્ય સ્થળે વૃક્ષ વાવવાનો કાર્યક્રમ યોજાયો હતો.


ન્યૂઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ







NOG SS No : 0013
પ્રકાર: પદ્ય
વિષય :અંતર મનની આશા
શીર્ષક :તમારી યાદ
તમે છોડી ને ગયા પછી
હું મારી જાતને શોધતો રહ્યો
તમારા શબ્દે શબ્દોમાં હું
આ દિલને ઢંઢોળતો રહ્યો.
પણ તમારી સ્મૃતિ હવે
મને સતાવતી નથી.
તમારા શબ્દો હવે મારા
મનમાં વલોવાતા નથી.
તમારા શબ્દોની શોધમાં
મારી જાત,મારું મૌન
મારી એકલતા, મારું એકાંત,
ભટકાઈ ને અટવાઈ ગયું.
બસ હવે નિજાનંદ માટે મેં
અંતર મનથી આશા કરી.
રામ શ્યામ ઘનશ્યામ માં
દિલ પરોવવા પ્રાર્થના કરી
ઘનશ્યામ વ્યાસ.

---

NOG.S.S NO : OO32
વિષયઃ અંતરમનની આશા
શીર્ષકઃઅંતર મન
મારું અંતર મન મૂક્યું એકાંતને વગડે,
એકલતાને હવે સ્વીકારી લીધી મનથી.
મનનો મનોરથ હવે મૂકી દીધો એક કોર,
મન તો ચાલ્યું હવે કૃષ્ણની મેડીએ.
રાત દિવસ કીધા હવે મનથી ભજન કીર્તન,
બસ હવે મારા મનને ના ગમે બીજી ભાષા.
મનને મનાવી લીધું મન ઓળઘોળ કરીને,
ના જોઈએ હવે બીજુ કંઈ શ્રી કૃષ્ણ મુરારી.
લાખ કરું પાયવંદન શ્રીકૃષ્ણ મુરારી,
વિનંતી કરું છું મારા આત્માથી શ્રીકૃષ્ણ મુરારી
બસ હવે એકજ તારો પ્રભુ રાહ છે મારે,
બીજુ કઈજ ના જોઈએ મારા શ્રીકૃષ્ણ મુરારી.
મીના માંગરોલીયા મીનુ,અમદાવાદ

---

NOG:SS:NO.:0101
વિષય : અંતરમનની આશા
પ્રકાર : ગદ્ય
શીર્ષક : અંતરનાદ
લેખક : ભરત સાંગાણી

આશા જીવનનું રસાયણ છે . મનની ઈચ્છા આકાંક્ષાઓનો પડઘો અદશ્ય રીતે આંતરમન પર ઝીલાતો હોઈ છે.

તે સ્પંદનો ઘૂઘવાટ પેદા કરે છે, તેમાંથી નીકળતી તરંગાવલીઓમાં કોઈ ગેબી અવાજ આપણાં અંતરમાં ટકોરા દે છે. આપણને તેનો ઝબકારો થાય છે તે અંતરનાદ.

મારા પત્નિ નિયમિત ભક્તિભાવથી ઠાકોરજીની સેવા કરે. માર્ગની રીત મુજબ જોકે હજુ પુષ્ટાવિચા ન હતા. હું રસોડામાં ભાગ્યે જ જતો. પણ મને વાંચનનો ખૂબ શોખ. ઈત્તર વાંચન સાથે વેદ, ગીતાજી, શ્રીમદ ભાગવતજી વગેરેનો સારો કહી શકાય તેવો અભ્યાસ. મહાપ્રભુજીનાં ગ્રંથોનું વાંચન ખરું પણ તલસ્પર્શી નહીં. વ્યાવસાયિક વ્યસ્તતાને કારણે તે દિશામાં બહું વિચારેલું પણ નહીં.

પણ કોઈ ઉત્કટ દોરી સંચારથી તેમની સાથે વ્રજ યાત્રાઓ અને શ્રીનાથજી ઘણાં વરસ લગભગ નિયત જવાનું થતું.

અમે યુરોપની ટુર પર ગયા ત્યારે મનમાં એક વિચાર ઝબકયાં કરતો હતો. ત્યાંથી આવ્યા પછી અંતરમાં તે સાદ સ્પષ્ટ થયો. કે આપણે ઠાકોરજીને પુષ્ટાવીએ. ત્યાં સુધી મેં મારા જ ઘરનાં લાલા અને ચિત્રજીઓ સ્પષ્ટતાથી નીરખ્યા પણ ન હતાં.

મેં એમને આ વાત કરી તેઓના હર્ષનો પાર ન રહ્યો અને અમે બીજે જ દિવસે પૂજ્ય જે જે નો સમય લઈ આવવા જવાનું સૌરાષ્ટ્રમેલનું રિઝર્વેશન કરાવી રાજકોટ તેમના ગુરુઘરના પૂજ્ય ગોસ્વામી રસિકરાયજીના બંગલે - તેમની નિજ હવેલીએ પહોંચી ગયા. અને ખૂબ આનંદપૂર્વક ઠાકોરજી પુષ્ટાવિ આવ્યા. છી ધીરે ધીરે હું પણ અમદાવાદ સ્થાયી થયા પછી સેવામાં નિયમિત જોડાયો.

હવે અંતરમન માં એક જ આશા હોઈ કે હું મારા ઠાકોરજીની સેવા કરું અને એ આનંદથી ખેલે, જ્યારે હું ભોગ ધરું અને એ પ્રેમે આરોગે. મારી હરએક ક્ષણ એવી હોય કે હું નિત્ય ઠાકોરજીનું સ્મરણ કરું સ્મરણમાં રહું.

ભરત સાંગાણી

## સાથ તારો જોઈએ



જિંદગીને સાથ તારો જોઈએ,
એટલે તારા વિચારો જોઈએ.
રાત આખી જાગતી આંખો નમી,
આંસુને વહેવા સહારો જોઈએ.
ડૂબતી આ નાવડી તારાં લગી,
ચુંમવા જીવન કિનારો જોઈએ.
રંગમાં કે રૂપમાં એ ના મળી,
પ્રેમને મઢવા મિનારો જોઈએ.
ઓથ લઇ તારી વિતાવું જિંદગી,
એક બસ તારો ઈશારો જોઈએ.

પલ્લવી ગોહેલ 'પલ' (સુરત)

જાહેરમાં બળાપો કરી તું ઉચ્ચ નીચ ના આંક!
જુઓને કરે કામ અમીર પડદા પાછળ છૂપાઈને,
ને ખુલ્લેઆમ ચર્ચાનો વિષય બન્યો છે આ રાંક!
સ્ત્રી વસ્ત્રો પર કટાક્ષ કરી ચાલનાર ઓ માનવી,
સૌ પ્રથમ તારા માંહ્યલા અને નજરુંઓને ઢાંક!
ચાલો એકાદ ખૂણો હોય તો જાતું પણ કરીએ,
પણ અહીં તો થયો છે વિનાશ આ સર્વત્ર પાક!



નિખિતા ઘાડિયા
(જામનગર)

## હું શું કરું?

આકાશમાં ખરતો તારો દેખાય તેમાં હું શું કરું?
તને એમાંય વાંક મારો દેખાય તો હું શું કરું?
જરા અમથી નજર શું પડી તારી પર વાત વાતમાં,
તને એમાંય મારો ઈશારો દેખાય તો હું શું કરું?
ઉગીને આથમી રહ્યા છે સૂરજ ને ચાંદ સમય પર,
તને એમાંય મારો ઈજારો દેખાય તો હું શું કરું?
ફસાય છે તું તારી ખુદની જબાનથી હર તરફ,
તને એમાંય મારો અખતરો દેખાય તો હું શું કરું?
હું ગમોની રાણી બની રહું દુઃખોના મહેલમાં,
તને એમાંય મારો ઠઠારો દેખાય તો હું શું કરું?



અંકિતા સોની
(ધોળકા)



અહમ અમારો એવો હિમાલય સરખો
રહેમ તારી કેવી જાણે દરિયા સરખી.
એક દિવસ દરિયો ગળી ગયો હિમાલય
કરામત કેવી તારી અરે કયામત સરખી.
અપેક્ષાઓ અમારી વહેતી નદી સરખી
રહેમત તારી ધોધમાર વરસાદ સરખી.
અજ્ઞાનતા અમારી ઘનઘોર રાત સરખી
દિવ્યતા તારી એવી ઉગતા સૂરજ સરખી.
ભૂલો અમારી અસંખ્ય તારલા સરખી
ક્ષમાપના તારી વિશાળ આકાશ સરખી.

હારૂન મલેક
પ્રલય
(જામનગર)

સમય અને શ્વાસ ક્યારે ખુટી જાય, કઈ કહેવાય નહી,
કાચનું વાસણ છે ક્યારે ફુટી જાય, કઈ કહેવાય નહિ.
અધુરા સપનાને અધૂરા હોય ઈરાદા તો પૂરા કરી લેજો,
ક્યારે અચાનક આંખ મીંચાય જાય કઈ કહેવાય નહી.
મજધારે ફસાયા તો પણ પહોંચવાનું છે સામે કિનારે,
હાથમાં થી હલેસું ક્યારે છૂટી જાય કઈ કહેવાય નહી.
વેડફી નાખશો તો વેડફાઈ જશે સમય અને સબંધો,
સાચવજો સ્નેહથી કયારે તુટી જાય કઈ કહેવાય નહી.
ઈજ્જત ને આબરૂ તો ચિથરે બાંધેલુ રતન છે ભાઈ,
છુપાવી રાખજો ,ક્યારે લુંટી જાય કઈ કહેવાય નહી.
અંત સુધી આવા જ દિવસો રહેશે, કઈ નક્કી નથી !
આતો નસીબ છે,કયારે રૂઠી જાય કઈ કહેવાય નહી.
આ દેહ નો ભરોસો શું ? દગો પણ દઈ દે,અડધે રસ્તે,
મિત્ર નનામી કયારે ઉઠી જાય, કઈ કહેવાય નહી.



વિનોદ સોલંકી
મિત્ર લખતર.

# કોણ કહે છે સિગારેટ છોડવી મુશ્કેલ છે? મેં આઠ વાર છોડી છે- પ્રસિધ્ધ હાસ્યકાર માર્ક ટવેન.

કોઇને ખોરાકનું વ્યસન હોય. કોઇને વાતોના તડાકા ઝીંકવાનું વ્યસન હોય. કોઇને ફેંકુબાબાની સાથે ફેંકવાની હરીફાઈ કરવાનું વ્યસન હોય!! કોઇ પુસ્તકિયો કીડો બની વાંચવાનું વ્યસન હોય! આમ વ્યસન અનંતા, વ્યસન કથા અનંતા!! એક જમાનામાં માન-મર્યાદા- મરજાદ હતી. લોકો હોટલમાં ભોજન લેવાનું તો દૂર રહ્યું પણ તેની કલ્પના કરે તો પગ થથરી જતા હતા.

ચા સામાજિક સ્વીકૃત ન થઇ ત્યાં સુધી વ્યસન-કુટેવ- બદીની કેટેગરીમાં સમાવિષ્ટ હતી.

વ્યસન અંગે ખાતરીપૂર્વક કહી શકાય કે માની કૂખમાં કોઇ વ્યસની હોતું નથી!!

વ્યસન કરવાની આરંભિક પળો તપાસો તો આંચકો લાગે.

અમારા એક નાયબ સચિવ હતા. મકવાણા એમની અટક. એમણે એનો અનુભવ શેર કરેલો. ' મારા બાપા બીડીના શોખીન. મને ચુલેથી બીડી સળગાવી લાવવાનું કહે અને તાકીદ કરે કે બીડી બુઝાવી ન જોંઇએ એટલે હું ફૂંકો મારતો બીડી બાપાને આપું. આમ, બીડીની આદત થઇ ગઇ'

મકવાણા સાહેબ નસીબદાર હતા કે નવી નકોર બીડીનો સટ મારવા મળતો હતો. બધા આવા નસીબદાર હોતા નથી!! તમને જે પ્રિય હોય તેના સોગન ખાઇને કહેજો કે તમારી ધૂમ્રપાનની પ્રોજવલ કારકિદી કેવી રીતે શરૂ થયેલી. મહદ્અંશે ઘણાએ પીવાયેલી બીડીના રસ્તા પર પડેલા ઠુંઠા ભેગા કરી બીડીના ઠુંગાપાણી કરવામાં આવતા હતા !!!

દરેક વ્યસની શરૂઆતમાં હથેળીમાં જમાવેલી તમાકુમાંથી ચપટી કે નવટાંક તમાકું મોઢાના ગલોફામાં ભરાવે! મસાલામાંથી એકાદ સોપારી બીજા હાથે આમતેમ સાફ કરી( જાણે તમાકુ જતી રહેવાની ન હોય!) જેમ ઘંટીમાં દાણા ઓરે તેમ મોઢામાં ઓરે!! સિગારેટનો એક સટ મારે. હરેક એવો ફાંકો મારે કે તેમને વ્યસન નથી. તેના સિવાય નશો તૂટે નહીં, કે બેચેની રહે નહી. જેમ કબજિયાતનો દર્દી દ્રઢપણે માને કે તેને કબજિયાત નથી તેમ વ્યસની પોતાને વ્યસન નથી તેમ માને છે અને બીજાને મનાવવા કોશિશ કરે છે.આમ, ધીરેધીરે જેમ મનોવલણો રૂઢ થઇ પૂર્વગ્રહોમાં રૂપાંતરિત થાય તેમ શોખ સ્વરૂપમાંથી વ્યસનનું કાયમી સ્વરૂપ ધારણ કરે છે!!

વિશ્વમાં તમાકુનો ઈતિહાસ ઘણો જૂનો છે, મનુષ્ય છેલ્લા આઠ હજાર વર્ષથી તમાકુના છોડનો ઉપયોગ કરતો હોવાનો અનેક પુરાવાઓ છે. ૯મી સદીના અરેબિક ચિકિત્સાગ્રંથોમાં પણ તમાકુનો ઉલ્લેખ થયેલો છે. તમાકુ પહેલા લોકો ધતુરાનો મોટા પ્રમાણમાં ઉપયોગ કરતા હતા. તમાકુનું વૈજ્ઞાનિક નામ 'નિકોટીન ટેબેકમ' ફ્રેન્ચ રાજદૂત નિકોટાના નામ પરથી પાડયું હોવાનું મનાય છે. કારણકે તે જ પ્રથમ હતો કે જેણે ફ્રાંસના રાજાને તમાકુના બીજ લાવી આપ્યા હતા. તમાકુની ૭૦થી વધુ પ્રજાતિઓ દુનિયામાં છે પણ સૌથી વધુ ઉપયોગમાં લેવાતી પ્રજાતિ નિકોટીના ટેબેકમ છે. સર વૉલ્ટર રેસિંગે સિગારેટ બનાવવાની રીત શોધી. કહે છે કે પોર્ટુગલમાંના ફ્રાન્સના એલચી જીયા નિકોટને તેની એટલી બધી આદત પડી ગઈ કે તમાકુને 'લૅડી નિકોટીન' નામે લોકો ઓળખવા માંડ્યા. વખત જતાં તેમાંના સક્રિય દ્રવ્યની શોધ થઈ, જેને 'નિકોટીન' નામ અપાયું.સિગારેટમાં સાઇનાડ અને રેડીયોએકટીવ જેવા ૬૦૦ ઝેરી તત્વો હોય છે!!!

દર વરસે વ્યસનીઓ ૬ લાખ કરોડ સિગારેટ ફૂંકી મારે છે. જેને એકથી એક ગોઠવવમાં આવે તો પૃથ્વીથી સૂર્ય સુધી રસ્તો થઇ જાય .તેમ છતાં વધે તો મંગળ સુધી રસ્તો પહોંચી શકે. દર સેકન્ડે ૧૫ કિમી જેટલી લાંબી સિગારેટ પીવાય છે!!સિગારેટ બનાવવા દર વરસે ૧૫ કરોડ વૃક્ષો કાપવામાં આવે છે.

યુનાઈટેડ સ્ટેટ્સમાં વાર્ષિક ૫ મિલિયનથી વધુ મૃત્યુ માટે ધૂમ્રપાન જવાબદાર હોવાનું માનવામાં આવે છે. ભારતના દૃષ્ટિકોણથી પણ આ ઝડપથી વધી રહેલી સમસ્યા છે. તમાકુના ઉત્પાદનો કેન્સર, ફેફસાના રોગ, હૃદય રોગ અને સ્ટ્રોક જેવા ગંભીર રોગોનું કારણ બને છે. દર વર્ષે ભારતમાં તમાકુના ઉપયોગને કારણે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લગભગ ૧.૩૫ મિલિયન મૃત્યુ થાય છે.

ધૂમ્રપાનથી થતા ફેફસાના રોગોમાં COPD સૌથી સામાન્ય છે.એટલું જ નહીં, ફેફસાના કેન્સરના મોટાભાગના કેસમાં ધૂમ્રપાનને મુખ્ય કારણ તરીકે જોવામાં આવે છે. તમાકુમાંનાં ઝેરી દ્રવ્યો : તમાકુમાં જુદાં જુદાં ૪૦૦૦ તત્વોને શોધી કઢાયાં છે, જે વત્તેઓછે અંશે નુકસાનકારક છે. તેમાંના ટાર, નિકોટીન, કેટલાંક ક્ષોભકો (irritants) અને કોષોના તાંતણા જેવા પ્રવર્ધો(કશા, cilia)ને નુકસાન કરનારાં તત્વો મુખ્ય છે. વળી ધૂમ્રપાન કરનારના લોહીમાં કાર્બન મૉનૉક્સાઇડનું પ્રમાણ વધે છે એક અંદાજ મુજબ એક સિગારેટમાં ૧૦૦ મિગ્રા. જેટલું નિકોટીન હોય છે. ટારને જો સતત ચામડી પર લગાવવામાં આવે તો તેને કૅન્સર કરે છે. એક સિગારેટમાં ૩૦ મિગ્રા.થી ૪૦ મિગ્રા. ટાર હોય છે, જે ફેફસાં અને શ્વાસનળીઓની નાજુક દીવાલને નુકસાન કરે છે. સિગારેટના બળતા છેડાનું તાપમાન ૫૦૦ સે.થી ૯૦૦ સે. હોય છે; તેથી તે સમયે અનેક ઝેરી તત્વો વાયુરૂપ થઈને ધુમાડામાં પ્રવેશે છે, શ્વાસમાં અંદર જાય છે. મોંમાં પ્રવેશતા ધુમાડાનું તાપમાન પણ ૩૦૦ સે. જેટલું હોય છે એવી ગણતરી કરવામાં આવી છે

ઈલેક્ટ્રોનિક સિગારેટની શોધ ચીની ફાર્માસિસ્ટ હોન લિકએ ૨૦૦૩માં કરી હતી. ઇ-સિગારેટ એ બીજુ કઇ નથી માત્ર આકર્ષક રીતે (ઝેરી) નિકોટિન પહોંચાડવાની એક પદ્ધતિ (મિકેનિઝમ) છે.

બજારમાં ખુલ્લેઆમ વેચાતી સાદી સિગારેટ કરતા ઇ-સિગારેટનું વેચાણ વધી રહેલ છે. ઈ-સિગ્સ, ઈ-હુક્કા, વેપ પેન્સ અને ઈલેક્ટ્રોનિક નિકોટીન તરીકે જાણીતી ઈ-સિગારેટ દેખાવમાં તો સામાન્ય સિગારેટ, સિગાર કે પાઈપ જેવી હોય છે. કેટલીક ઈ-સિગારેટ પેન જેવી પણ દેખાય છે. ઈ-સિગારેટમાં રહેલાં જુદાજુદા પ્રકારને સિગ-અ-લાઈક, લિક્વિડ, મોડ, ક્લાઉડ ચેસર્સ, વેર ટ્રેક્સ, ધ ડ્રેગન, એડીવી અને વેપ ટંગ જેવાં નામ પણ અપાયાં છે. વેનિલા, ચોકલેટ, લવિંગ, જાયફળ, કેળાં, માખણ, નીલગીરી, ફુદીનો, સ્ટ્રોબેરી જેવા વિવિધ ફ્લેવર ધરાવતી બેટરીથી ચાલતી ઈ-સિગારેટમાં રહેલું પ્રવાહી ગરમ થતાં ધુમાડો નીકળે છે. અને આ ઈ-સિગારેટની ખાસિયત કહો કે ખામી પણ તેના પ્રવાહીમાં નિકોટીન હોય જ છે.

તમાકુ વિરોધી ઝૂંબેશ સરમુખત્યાર હિટલર કરેલી.તમાકુથી કેન્સર જેવી જીવલેણ બિમારીઓ થતી હોવાથી ૩૧ મે ભલે તમાકુ વિરોધી દિવસ તરીકે ઉજવાતો હોય પરંતુ આધુનિક વિશ્વમાં સૌ પ્રથમ તમાકુ વિરોધી ઝુંબેશે જર્મનીમાં નાઝીઓએ શરુ કરી હતી. ૨૦ મી સદીની શરુઆતમાં જર્મન ડોકટરોએ ધુમપ્રાનથી ફેફસાનું કેન્સર થતું હોવાનું સંશોધન કર્યું એ પછી જર્મનીમાં ધુમ્રપાન વિરોધી ચળવળનો પ્રારંભ થયો હતો. નાઝીઓની એન્ટી ટોબેકો ઝુંબેશ એટલી સ્ટેગ હતી કે જોત જોતામાં તે દેશમાં ફેલાઇ ગઇ હતી.

જર્મનીમાં નાઝીઓ સત્તા સંભાળી એ પછી પણ આ ચળવળ સતત ચાલતી રહી હતી. ખાસ કરીને ટ્રામ, સિટી ટ્રેન અને બસમાં ધુમ્રપાન કરવા પર પ્રતિબંધ મુકવામાં આવેલો તેને હિટલરના આર્શિવાદ મળેલા હતા.

એક માહિતી મુજબ એડોલ્ફ હિટલરને યુવાવસ્થામાં રોજની ૩૫ થી ૪૦ જેટલી સિગારેટ પીવાની ટેવ હતી પરંતુ તે નજીકના મિત્રોને હંમેશા ધુમ્રપાનની આદત છોડવાની વાત કરતો હતો. હિટલરે ધુમ્રપાનથી થતા નુકસાન અંગે સંશોધકોને વધુ સંશોધનો કરવા અંગે પ્રોત્સાહન પણ આપ્યું હતું.

જગત વરસમાં એક દિવસ તમાકુ વિરોધ દિવસ એટલે ×નો ટોબેકો ડે ×ની ઉજવણી કરે છે. તમાકુ સાથે જેને હાલમાં લેવાદેવા નથી( ભવિષ્યની ખબર નથી) વતેવા યાર બાળકોને હાથમાં પ્લે કાર્ડ , બેનર પકડાવીને રેલી, રેલો, રેલું કાઢે છે!! લો બોલો. હકીકતમાં વ્યસનીની કે દર્દીની રેલી કાઢવી જોઇએ! એઇડઝ વિરોધી રેલીમાં બાળકોની શી જરૂર છે, ભલાદમી???તમાકુ કે ગુટકા વિરોધી રેલીમાં ભાગ લેનાર ગુટકા કે મસાલો ખાતાં ખાતાં ભાગ લેતો હતો. " સ્મોકીંગ ઇઝ ઇન્જરસ ટુ હેલ્થ" નું પાટિયું ચિતરનાર સિગારેટ પીતાં લખતો હોય!!

"નો ટોબેકો ડે "ઉજવણી નિમિતે તમાકુ વિરોધી કેટલીક બાબતો રજૂ કરવામાં

વ્યસનીઓના કોન્ફિડન્સને દાદ દેવી પડે!! તે છાતી ઠોકીને ( આમ કરતાં છાતી અંદર ઉતરી જાય તે વાત અલગ છે!) જયાંત્યાં ગમેત્યાં દાવો કરે છે કે તત્ક્ષણથી વ્યસનનો ત્યાગ - પરિત્યાગ કરવા માટે સમર્થ કમ સક્ષમ છે!! અલબત, આવું કરવા તમાકુ છોડી મસાલા કે મસાલા છોડી સિગારેટ શરૂ કરે છે. વચનપાલન તો વ્યસની ભાઇ બહેનોનું( સોરી અમુક કામુક બહેનોનો જ સમાવેશ સમજવો )!! તરત જ એક કાંખઘોડી ત્યજી બીજી ધારણ કરે છે. ટૂંકમાં સુલેમાન સુઘર ગયા. બીડી છોડ કે ગાંજા શરૂ કિયા! સિયાવર રામચંદ્ર કી જય!!

એમની દલીલમાં દમ હોય છે. અમે અમારી કમાણીમાંથી મોજ કરીએ છીએ અને શરીર અમારું છે, સરકાર કે સમાજનું શું જાય છે? અમે રોજગારી સર્જનમાં મદદ કરીએ છીએ. તમાકુ પકવતા ખેડૂતો માટે સરકાર ટેકાના ભાવ જાહેર કરતી નથી એને રાકેશ ટીકૈતનું ધ્યાન આ મુદે ગયું નથી!! જાણીતા હાસ્યકાર માર્ક ટવૈન હુંકાર ભરી કહે છે કે કોણ કહે છે સિગારેટ છોડવી મુશ્કેલ છે? મેં આઠ વાર છોડી છે. આશા છે કે વ્યસનીઓ માર્ક ટવૈનમાંથી પ્રેરણા લેશે!!!!

ભરત વૈષ્ણવ

---

મધુરો છે
મારા પ્રેમનો સ્વાદ તૂરો છે,
મારે પ્રેમનો સ્વાદ બુરો છે.
સૂરજ જેવો દૈદીપ્યમાન છે,
મારા પ્રેમનો સ્વાદ નૂરો છે.
લાલ,પીળો,વાદળી, ગુલાબી,
મારા પ્રેમનો રંગરાગ ભૂરો છો
કાંચી સોપારીનો બારીક ચૂરો
છે,મારા પ્રેમનો સ્વાદ ડચુરો છે.
પ્રેમનો સ્વાદ કદી પણ પૂરો
છે?હાજી પ્રેમનો સ્વાદ મધુરો છે.
ભરત વૈષ્ણવ

# અરવલ્લીના ખેડૂત શ્રિકાંતભાઈએ ૩ વર્ષમાં કરી રૂ.૧ કરોડ ૫૮ લાખની કમાણી

માહિતિ બ્યુરો અરવલ્લી

અરવલ્લી જિલ્લાના બાયડના વતની શ્રીકાંતભાઈ ઠાકોરભાઈ પટેલને ઘઉં,મગફળી જેવી પરંપરાગત ખેતી છોડી બાગાયત ખેતીમાં ડ્રેગન ફ્રૂટની ખેતી કરી. પહેલા પરંપરાગત પાકની ખેતીથી તેમને થોડી ઘણી આવક થતી હતી જેમાંથી તેમનું ગુજરાન મુશ્કેલીથી ચાલતી હતું. સરકારની વિવિધ યોજના અને જિલ્લા બાગાયત વિભાગના સહકારથી આજે તેમનાં સંયુક્ત કુટુંબ દ્વારા ડ્રેગન ફ્રૂટની ખેતી કરવામાં આવે છે. ૩ વર્ષમાં પ્રતિવર્ષ ૧૫ એકર એમ ૬૦ એકર જમીનમાં થયેલ ડ્રેગન ફ્રૂટની ખેતીનો ખર્ચ બાદ કરતા કુલ રૂ.૧૫૮,૦૧,૨૫૦/- ની આવક મેળવી છે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને પદ્માવતી ફાર્મ નામની માર્કેટિંગ કરી મબલખ નફો મેળવ્યો છે. તેમજ તેઓ નર્સરીમાં ડ્રેગન ફ્રૂટના રોપા તૈયાર કરી લોકલ તથા અન્ય રાજ્ય મહારાષ્ટ્ર, વેસ્ટ બંગાળ, યુપી, રાજસ્થાન અને કાશ્મીરમાં પણ વેચાણ કરે છે. શ્રિકાંતભાઈએ રાજ્યસરકાર અને જિલ્લા વહીવટી તંત્રનો આભાર માનતા જણાવ્યું કે સરકારની યોજનાની મદદથી હું આ મોંઘી ગણાતી એવી ડ્રેગન ફ્રૂટની ખેતી કરી શક્યો છું. આ ખેતીથી મને અને મારા પરિવારને ખુબજ લાભ મળ્યો છે . અમને જોઈને ઘણા અન્ય લોકો પણ આ પ્રકારની ખેતી તરફ વળ્યા છે.

# ચાણસ્માના ગંગેટ ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો જેમાં ચાણસ્મા મામલતદાર શ્રી ની સરાહનીય કામગીરી સામે આવી

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા વિવિધ જગ્યાએ સેવા સેતુ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે ત્યારે ગરીબ પરિવારોને ઘર-ઘર સુધી જરૂરી કાગળ તેમ જ વધુ માહિતી મળી રહે તે હેતુથી કામગીરી કરવામાં આવી રહી છે ત્યારે આજરોજ ચાણસ્માના ગંગેટ ખાતે ચાણસ્મા મામલતદાર શ્રી જે એન દરબાર શ્રી ના અધ્યક્ષ સ્થાને સેવા સેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો

ત્યારે મામલતદાર શ્રી ની સરાહનીય કામગીરી જોતાં એવું જાણવા મળ્યું હતું કે ગંગેટ ગામ ના વાઘરી દાડમ બેન નટુભાઈ ઉંમર વર્ષ ૪૫ કે જેઓને આજે દિન સુધી વિધવા સહાય પણ મળતી ન હતી ત્યારે સાહેબ શ્રી ના ધ્યાને આવતા તાત્કાલિક વિધવા સહાય નો હુકમ કરી વિધવા સહાય તેમજ આધારકાર્ડ સહિતની કામગીરી કરાવી એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતુ દાડમ બેનને સાહેબના વરદહસ્તે વિધવા સહાય નો ઓર્ડર આપતા દાડમ બેન ગદ્ગદિત થઈ ઉઠયા હતા તેમજ અત્રે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં

૧૪૫૦ જેટલી અરજીઓ નિકાલ કરવામાં આવ્યો હતો ત્યારે ચાણસ્મા મામલતદાર જે ,એન, દરબાર તેમજ સ્ટાફની સરાહનીય કામગીરી સામે આવી હતી

## અમદાવાદ(પૂર્વ) આર.ટી.ઓ. દ્વારા

# મોટર સાયકલ, મોટર કાર, ઓટો રીક્ષા અને ટ્રાન્સપોર્ટ વાહનોની જૂની સીરીઝના ગોલ્ડન-સિલ્વર નંબરોનું ઈ-ઓક્શન શરુ થશે.

સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી શ્રી, અમદાવાદ (પૂર્વ)ની કચેરી દ્વારા વાહનચાલકોની સગવડતા અર્થે પસંદગીના નંબરોની ફાળવણી માટે ઑનલાઈન ઈ-ઑક્શન કરવામાં આવશે. જેમાં ભાગ લેવા ઈચ્છુક વાહન માલિકોએ આગામી તા. ૦૬ થી ૦૮ જુન ૨૦૨૨ સુધીમાં ઑનલાઈન એપ્લિકેશન કરી નિયત રકમ ચૂકવવાની રહેશે.

મોટર સાયકલ, મોટર કાર, ઓટો રીક્ષા અને ટ્રાન્સપોર્ટ વાહનોની જૂની સીરીઝના ગોલ્ડન-સિલ્વર નંબરોનું ઈ- ઑક્શન માટે શરૂ કરવામાં આવનાર છે. આ ઈ-ઑક્શનમાં ભાગ લઈ પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહન માલિકોએ તેમના વાહનનું રજીસ્ટ્રેશન કરાવી http://parivahan.gov.in/fancynumber પર આગામી તા. ૦૬ થી ૦૮ જુન ૨૦૨૨ સુધીમાં ઑનલાઈન રજીસ્ટ્રેશન કરાવી બેઈઝ રકમનું પેમેન્ટ કરવાનું રહેશે. ત્યારબાદ તા. ૦૯ અને ૧૦ જુન ૨૦૨૨ના રોજ ઈ-ઓક્શનનું બિડિંગ યોજાશે. અને તા. ૧૩ જુન ૨૦૨૨ના રોજ ઈ-ઓક્શનના ફોર્મ અત્રેની કચેરીમાં જમા કરાવવાના રહેશે. ફેન્સી નંબર મેળવવા ઈચ્છુક અરજદારોએ http://parivahan.gov.in/fancynumber વેબસાઈટ પર જઈ સેલ ઇન્વોઈસની તારીખ અથવા વિમાની તારીખ એ બેમાંથી જે વહેલું હશે તે તારીખથી સાત દિવસમાં અરજી કરી દેવાની રહેશે. અરજી કરેલ હોય તેવા જ અરજદારો વાહનના સેલ લેટરમાં દર્શાવેલ વેચાણ તારીખથી ૬૦ દિવસના અંદર હરાજીમાં ભાગ લેવા અરજી કરી શકશે. નિયત સમય બહારની અરજીઓ રદ કરવામાં આવશે. જો અરજદારએ હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસ સુધીમાં બીડની રકમના નાણાં જમા કરાવવાના રહેશે. આ સમયમર્યાદામાં નાણાં ચુકવવામાં નિષ્ફળ જશે તો મૂળ ભરેલી રકમ જપ્ત કરી ફરીવાર હરાજી કરવામાં આવશે.

